પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૮૮ | ૨૯ ડિસેમ્બર, ૨૦૧૬, ગુરૂવાર ; માગશર વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

**તાપમાન**
મહત્તમ : ૩૦.૨ ડીગ્રી
લઘુતમ : ૧૨.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૩૮ ટકા

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
50

# સિયાલદાહ-અજમેર એક્સપ્રેસ ખડી પડી

**૬૫થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત : કાનપુર નજીક વહેલી પરોઢે ૧૫ ડબા ખડી પડતા ચકચાર : એક મહિના પહેલા જ કાનપુર નજીક જ પુખરાયામાં ટ્રેન દુર્ઘટનામાં ૧૫૦થી વધુ લોકોના મોત થયા હતા : ઈજાગ્રસ્તો માટે વળતરની તરત જાહેરાત**



કાનપુર, તા. ૨૮

સિયાલદાહ-અજમેર એક્સપ્રેસ (ટ્રેન નંબર-૧૨૯૮૭) આજે સવારે ખડી પડતા ઓછામાં ઓછા બે લોકોના મોત થઈ ગયા હતા અને અન્ય ૬૫થી વધુ લોકો ઘાયલ થઈ ગયા હતા. આ બનાવ બનતા સાથે જ રેલવે તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. સિયાલદાહ-અજમેર એક્સપ્રેસ ટ્રેન આજે સવારે ખડી પડવા અંગેની માહિતી મળતાની સાથે જ રેલવે તંત્રના અધિકારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી અને બચાવ અને રાહત કામગીરી તરત જ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. કાનપુર નજીક રૂરા-મેથા નજીક આ અકસ્માત સર્જાયો હતો. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે તરત જ વળતરની જાહેરાત કરી હતી. સાથે સાથે મૃતકો માટે પણ વળતરની જાહેરાત કરવામાં આવી હતી. ગંભીર રીતે ઘાયલ થયેલા યાત્રીઓ માટે ૫૦ હજાર રૂપિયા અને ઓછી ઈજા પામેલા લોકો માટે ૨૫ હજાર રૂપિયાના વળતરની જાહેરાત કરવામાં આવી હતી. રેલવે મંત્રાલય દ્વારા ઈજાગ્રસ્ત યાત્રીઓની યાદી પણ તરત જાહેર કરવામાં આવી હતી. બે લોકોના મોતના અહેવાલને સમર્થન મળ્યું નથી પરંતુ સ્થાનિક


● અનુસંધાન પાન-૭ પર

## હવાલા કનેકશન-કોટક મહિન્દ્રા અધિકારી ઝડપાયા

હવાલા કારોબારીઓની સાથે સાઠગાંઠના આરોપમાં ઈડીએ દિલ્હી કેજી માર્ગ સ્થિત કોડક મહિન્દ્રા બેંકના મેનેજરની ધરપકડ કરી છે. એવો આક્ષેપ છે કે નોટબંધી બાદ બેંકમાં અનેક બનાવટી બેંક ખાતા ખોલવામાં આવ્યા હતા અને કરોડો રૂપિયાની લેવડ દેવડ કરવામાં આવી હતી. ધરપકડ કરવામાં આવેલા બેંકના મેનેજરના હવાલા કારોબારી પારસમલ લોધા અને રોહિત ટંડન સાથે પણ નજીકના સંબંધ હોવાની વિગત સપાટી ઉપર આવી છે.

## ઉત્તરપ્રદેશમાં સપાએ ૩૨૫ ઉમેદવારની યાદી જાહેર કરી

**અખિલેશના અનેક નજીકના લોકોની ટિકિટ કપાઈ : અખિલેશ દ્વારા હકાલપટ્ટી કરાયેલા આઠ મંત્રીને ટિકિટ મળી ગઈ**



લખનૌ,તા. ૨૮

સમાજવાદી પાર્ટીમાં જારી ખેંચતાણ વધુ તીવ્ર બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. કારણ કે સપાના વરિષ્ઠ નેતા મુલાયમસિંહ યાદવે આજે પત્રકાર પરિષદ યોજીને ઉત્તરપ્રદેશ ચૂંટણી માટે ઉમેદવારોના નામની જાહેરાત કરી દીધી હતી. કુલ ૩૨૫ ઉમેદવારોના નામની જાહેરાત કરી દેવામાં આવી છે. જે સીટો માટે સમાજવાદી પાર્ટીના ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે તેમાંથી ૧૭૬ સીટ ઉપર સમાજવાદી પાર્ટીનો કબજો છે. બાકીની ૧૪૯ સીટ એવી છે જ્યાં સમાજવાદી પાર્ટીના ઉમેદવારો જીતી શક્યા ન હતા. મુલાયમના કહેવા મુજબ બાકીની ૭૮ સીટ ઉપર વ્યાપક વિચારણા કરવામાં આવ્યા બાદ ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવશે. બારાબંકીના રામનગર સીટ ઉપરથી અરવિંદસિંહ ગોપની ટિકિટ કપાઈ

● અનુસંધાન પાન-૭ પર

# જુની નોટ ધારકોને કઠોર સજાની જોગવાઈ

**૩૧મી માર્ચ બાદ ૫૦૦ કે ૧૦૦૦ની જુની ૧૦ નોટ કે વધુ પકડાય તો દંડ અને સજાની જોગવાઈ કરતા વહુકમને કેન્દ્રિય કેબિનેટની મંજુરી**

નવી દિલ્હી, તા. ૨૮

કેન્દ્રિય કેબિનેટે આજે નક્કી કરવામાં આવેલી સમય મર્યાદા કરતા વધુ સમય સુધી રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ રાખનાર પર કઠોર કાર્યવાહી કરવા સાથે સંબંધિત વટહુકમને લીલીઝંડી આપી દીધી છે. આનો મતલબ એ થયો કે ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની બંધ કરી દેવામાં આવેલી નોટ રાખનાર કોઈની પણ સામે કઠોર દંડ લાગુ કરવામાં આવશે. સરકારે નક્કી કરેલી મર્યાદાથી વધારે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ રાખવા બદલ કઠોર સજા માટે નિર્ણય લીધો છે. આનો મતલબ એ થયો કે હવે જંગી દંડની સાથે સાથે જેલની સજા પણ થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રિય કેબિનેટની બેઠક આજે મળી હતી. જેમાં આ વટુહકમને લીલી ઝંડી આપી દેવામાં આવી હતી. આ વટહુકમની સાથે જ ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટની ઔપચારિક રીતે કાયદેસરતા હવે ખતમ થઈ જશે. અલબત્ત એમ કહેવામાં આવ્યું નથી કે ૩૦મી ડિસેમ્બર બાદ જુની નોટ મળી આવ્યા બાદ કાર્યવાહી થશે કે કેમ અથવા તો ૩૧મી માર્ચ ૨૦૧૭બાદ કાર્યવાહી કરવામાં આવશે. અત્રે નોંધનિય છે કે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની જૂની નોટને ૩૦મી ડિસેમ્બર ૨૦૧૬ સુધી બેંકો અને પોસ્ટ ઓફિસમાં જમા કરાવી શકાય છે. ત્યારબાદ જુની માત્ર આરબીઆઈમાં જ જમા થઈ શકશે. આરબીઆઈમાં જૂની નોટ જમા કરવા માટેની તારીખ અને સમય મર્યાદા ૩૧મી માર્ચ ૨૦૧૭ની રાખવામાં આવી છે. કોઈપણ વ્યક્તિની પાસે ૧૦થી વધારે જૂની નોટ મળી આવવાની સ્થિતિમાં તેમની સામે કાર્યવાહી થશે. આ જોગવાઈ હેઠળ એવા શખ્સ ઉપર દંડ લાગુ કરવામાં આવશે અને કેટલાક ખાસ મામલાઓમાં ચાર વર્ષ સુધીની સજા પણ થઈ શકશે.

● અનુસંધાન પાન-૭ પર

# ઓનલાઈન છેતરપિંડી કેસમાં વળતર તેમજ દંડની જોગવાઈ

**ડેટાને સુરક્ષિત રાખવા માટે ખાસ પ્રયાસો : સક્ષમ અધિકારી સમક્ષ પાંચ કરોડ સુધીની દાદ મેળવી શકાશે : ડિજિટલ ઈ-કરન્સીને પ્રોત્સાહનનો મુખ્ય ઉદ્દેશ્ય**

અમદાવાદ, તા. ૨૮

ડિજિટલ ઈ-કરન્સીને પ્રોત્સાહન આપવાના હેતુથી ઓનલાઈન નાણાકીય છેતરપીડીના કિસ્સામાં આઈટી અધિનિયમ હેઠળ માતબર વળતર અને દંડની જોગવાઈ કરવામાં આવી છે. નાણાકીય વ્યવહારોમાં પુરતી કાળજી રાખવા છતાં પણ કોઈ અનિચ્છનીય બનાવ બને તો આઈટી અધિનિયમ-૨૦૦૦ની કલમ ૪૩ અન્વયે એડજુડિકેટીંગ ઓફિસર સમક્ષ ભોગ બનનાર ૫ કરોડ સુધીની દાદ મેળળી શકે છે, તેમજ કોમ્પ્યુટર, સિસ્ટમને નુકસાન માટે દંડ અને વળતરની જોગવાઈ પણ કરવામાં આવી છે. આ કલમ હેઠળ ગેરકાયદેસર ઓનલાઈન ટ્રાન્ઝેકશનથી રૂપિયા બેન્કમાં તબદીલ કર્યા હોય, ઈલેક્ટ્રોનિક ડેટાની ચોરી થઈ હોય અથવા કે વાયસીનો ભંગ જેવા બનાવોનો પણ સમાવેશ થાય છે. તદઉપરાંત ડેટાને સુરક્ષિત કરવામાં નિષ્ફળતા બદલ વળતર અને દંડની જોગવાઈ પણ કરવામાં આવી છે. આઈટી અધિનિયમમાં સુધારા મુજબ દરેક રાજય સરકારના આઈટી સચિવને એડજુડિકેટીંગ ઓફિસર તરીકે જાહેર કરવામાં આવ્યા છે. જેઓને સિવિલ કોર્ટની સત્તા આપવામાં આવી છે. અત્યાર સુધીમાં રાજયમાં એડજુડિકેટીંગ ઓફિસર સમક્ષ ૧૩ અરજીઓ નોંધાઈ છે, જેમાં ૧૧ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે અને આ ૧૧ અરજીઓ પૈકી ૫ અરજીઓમાં વળતર આપવાના હુકમો પણ કરવામાં આવ્યા છે. અત્રે નોધનીય છે કે, નાણાકીય વ્યવહાર માટે ઓનલાઈન પ્લેટફોર્મનો ઉપયોગ વધુ સુરક્ષિત બનાવવા માટે સંબંધિત

● અનુસંધાન પાન-૭ પર

बैंक ऑफ़ इंडिया Bank of India BOI સંબંધોની મૂડી
Zonal Office : Gandhinagar Zone, BOI Building, Sector-16, Gandhinagar-382016 Ph: 23222853
Email : zo.gandhinagar@bankofindia.co.in
**મારૂતી કાર વેચાણ અંગેની નોટીસ**
રસ ધરાવતી વ્યકિતઓ / પેઢીઓ પાસેથી "મારૂતી સ્વીફ્ટ-vxi વેચવા" માટે સીલબંધ કવરમાં ઓફર આમંત્રિત કરવામાં આવે છે. કારની વિગત : માલીકનું નામ : બેંક ઓફ ઈન્ડીયા, ગાંધીનગર શાખા, પાટનગર યોજના ભવન પાસે, સેકટર-૧૬, ગાંધીનગર - ૩૮૨૦૧૬
કંપની - મોડેલ : મારૂતી સ્વીફ્ટ-vxi • રજીસ્ટ્રેશન તારીખ : 09.01.2010
રજીસ્ટ્રેશન નં. : GJ-18-AH-2470 • પેટ્રોલ - 1298 CC - ચાલુ કંડીશન
વેચાણ / ડીલેવરી : "જેમ છે, જયાં છે, તેમ" રહેશે. અનામત કિંમત રૂા. 170000/-
સીકયુરીટી ડીપોઝીટ તરીકે રૂા.17000/- નો DD/PO બેંક ઓફ ઈન્ડીયા - ગાંધીનગર શાખા ના નામે બનાવવો અસફળ બીડર્સને સીકયુરીટી ડીપોઝીટ રીફંડ આપવામા આવશે. ઓફર ફકત ગાંધીનગર શાખામાં જ સ્વીકારવામાં આવશે જેની છેલ્લી તારીખ : 4.1.2017 રહેશે.
Ph : (079) 23225103 - 23221960 - 23226080
વધુ માહિતી માટે અમારી વેબસાઈટની મુલાકાત લો : www.bankofinidia.co.in/tender
અખિલેશ જલોટા-ઝોનલ મેનેજર-ગાંધીનગર ઝોન

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

WELCOME 2017
HOTEL maple LEAF
BOOK ROOMS @ DISCOUNTED RATE
For more info
Call : +91 99099 06372

અનલિમીટેડ ગુજરાતી થાળી
₹175 LUNCH ₹200 DINNER
SHEHNAI RESTAURANT & BANQUET
Dr's Food

SHEHNAI RESTAURANT & BANQUET
A.C. BANQUET HALL WITH 200 CAPACITY
Shehnai & Drs.Food
Call : +91 99099 21022 , 9978721871, 079 2321 3760
10% DISCOUNT FESTIVE OFFER
*T&C apply
*Bring this cutting for Discount in Shehnai Restaurant - GANDHINAGAR
* Show this coupons before Ordering.

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ટચુકડી જાહેર ખબર
દર ગુરૂવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
DECOR | DC TEX | HOMES | COPPER | Kurl-on | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m. 8 , SIDDHRAJ ZORI , SARGAASAN - G'NAGAR 09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m. E-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26 ,G'NAGAR 09462597151 , 09414119651